પોલીસ કમીશ્નર કચરી, અમદાવાદ શહેર.

જાહેરનામાં ક્રમાંક.ગ/ઉપક/ ૩૦ /૨૦૧૭ તા.૧૪ /૧૦/૨૦૧૭

ફોન નં.૦૭૯ – ૨૫૬૨૦૧૬૦

---

<u>જાહેરનામુ :</u>

છેલ્લાં કેટલાંક વર્ષોથી સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ)(આતશબાજી બલુન) ઉડાડવાની પ્રથા શરૂ થયેલ છે.અનુભવે જણાયુ છે કે, આવા પ્રકારના સ્કાય લેન્ટર્ન ઉડાડવાથી આગજની,કોઇ મોટી દુર્ઘટના અથવા જાનહાનીનો બનાવ બની શકે તેમ છે.જે જાહેર સલામતી અને સુરક્ષા માટે જોખમરૂપ છે.સ્કાય લેંટર્નના ઉપયોગથી પર્યાવરણને પણ નુકશાન થતું હોય છે. જેથી અમદાવાદ શહેરની જાહેર સલામતી અને સુરક્ષાને ધ્યાને લઇ સ્કાય લેન્ટર્નના ઉપયોગ અંગે વ્યાજબી પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે

વાસ્તે હું એ.કે.સિંધ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ની કલમ - ૧૪૪ અને ગુજરાત પોલીસ અધિનિયમન ૧૯૫૧ની કલમ- ૩૩ (૧)(યુ) અન્વયે મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હદ વિસ્તારમાં આવેલ જગ્યાઓએ સ્કાય લેન્ટર્ન(ચાઇનીસ તુક્કલ)(આતશબાજ બલુન)નું ઉત્પાદન,વેચાણ,વ્યાપાર અને ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ,ઇન્ડીયન પીનલ કોડ ૧૮૬૦ ની(આઇપીસી)કલમ-૧૮૮અને ગુજરાત પોલીસ અધિનિયમન ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે..

આ જાહેરનામાનો અમલ તા.૧૪/૧૦/૨૦૧૭ થી તા.૦૫/૧૧/૨૦૧૭ સુધી રહેશે ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

આજ રોજ તા.૧૪/૧૦/૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે બહાર પાડવામાં આવેલ છે.




(એ.કે.સિંધ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

<u>નકલ સવિનય રવાના :</u>

૧.મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
  ૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારૂ
૨.અધિક મુખ્ય સચીવશ્રી ગ્રુહ વિભાગ ગુજરાત સરકાર સચીવાલય ગાંધીનગર.
૩.પોલીસ મહાનિર્શકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.પોલીસ ભવન ગાંધીનગર.
૪.કલેકટરશ્રી જીલ્લા કલેટરની કચેરી સુભાષબ્રીજ અમદાવાદ.
૫.અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ ગુ.રા અમદાવાદ (૫ નકલ) .
૬.રજીસ્ટ્રારશ્રી સીવીલ અને સેશન કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ ).